# આજે ટીંટોડામાં ગૌહત્યા મુદ્દે માલધારી સમાજ ભેગો થશે

## પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં ગૌ હત્યા અને ગાયોની ચોરીના મામલે માલધારી સમાજ સરકાર સામે બાયો ચઢાવવાનું નક્કી કર્યું છે અને આગળની નવી નિતી ઘટવા માટે આજે ૨૨મી જુલાઈના રોજ ગાંધીનગર નજીકના ટીંટોડા ગામે એકઠા થશે. પોલીસે પણ આ સંદર્ભે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યભરમાં છેલ્લા ઘણા વખતથી ગાયોની કતલેઆમ વધી રહી છે. સાથે પશુ ચોરીના પણ બનાવો દિવસે ને દિવસે વધી રહ્યા છે. પરિણામે રાજ્યના માલધારી સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો છે. માલધારી સમાજે ગાયોની ચોરી અને કતલેઆમ મામલે રાજ્ય સરકાર સામે અનેક રજુઆતો કરી કડક પગલાં લેવા ઉગ્ર માંગણી કરી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા માલધારી સમાજે હવે બાયો ચઢાવી છે. જેને લઈ આજે તા. ૨૨મી જુલાઈના રોજ સમગ્ર રાજ્યમાંથી માલધારીઓ ટીંટોડા ગામે એકઠા થશે અને આગામી રણનિતી અંગે ચર્ચા કરવામાં આવે. પોલીસે પણ આ બેઠકને લઈ સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.



નગરના એસ.ટી. બસ સ્ટેન્ડના રસ્તાઓનું સમારકામ ચાલી રહ્યું છે. થોડા સમય માટે એક તરફથી વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજપૂત સમાજ ગાંધીનગરના નવા પ્રમુખ તરીકે કરણસિંહ વાઘેલાની વરણી

ગાંધીનગર, તા. ૨૧

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરની સામાન્ય સભા આજે સમાજના અગ્રણી કેશરીસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને રાજપૂત ભવન સેક્ટર-૧૨ ખાતે મળી હતી. સભામાં નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી.

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરની સામાન્ય સભા રાજપૂત ભવન સેક્ટર-૧૨ ખાતે મળી હતી. સભામાં મહામંત્રી પૃથ્વીસિંહ ચાવડા દ્વારા ગત વર્ષના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જેનો ઉપસ્થિત અગ્રણીઓએ સર્વાનુમતે બહાલી આપી હતી. ત્યાર બાદ રાજપૂત સમાજ ગાંધીનગરના નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં એડવોકેટ કરણસિંહ વાઘેલા બિલોદરાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ સભામાં જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, રાજપૂત સમાજ પૃથ્વીસિંહ બિહોલા, નટવરસિંહ વાઘેલા, સી.એન. ચાવડા, દિનેશસિંહ ચાવડા તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે અગ્રણીઓએ નવા પ્રમુખ કરણસિંહને અભિનંદન પાઠવ્યા હતા.

# પવિત્ર રમજાન માસમાં મુસ્લીમ બિરાદરો ધાર્મિક પ્રવૃત્તિઓમાં લીન

## કુરાને શરીફનું અવતરણ રમજાન માસમાં જ થયું છે, રોજા, ઈબાદત અને નેકનું મહત્વ

મુસલમાનોનો પવિત્ર તહેવાર રમજાન શરીફ છે. આ રમજાન માસની એક રાત્રી હજાર માસોથી ઉત્તમ છે. ખુદાએ આ માસમાં રોજા ફર્જ કર્યા છે. જેથી જે માનવી આ માસમાં સાચા હૃદયથી રોજા, ઈબાદત અને નેક કાર્ય કરશે તેને અન્ય માસની નમાજો જેટલો સવાબ મળશે તેવું મુસ્લીમ ગ્રંથોમાં લખાયેલુ હોવાનું જણાયું છે. માટે જ પવિત્ર રમજાન માસમાં મુસ્લીમ બિરાદરો ધર્મમાં મગ્ન બની ધાર્મિક કાર્યો કરી રહ્યા છે.

પવિત્ર રમજાન માસમાં મુસ્લીમ બિરાદરો રોજા, ઈબાદત અને નેક કાર્યમાં લીન બન્યા છે. આ અંગે વિગતો આપતાં ઈશાકભાઈ બી. પરમારે જણાવ્યું છે કે મુસલમાનોનો પવિત્ર તહેવાર રમજાન શરીફ છે. નબી (સ.અ.વ.)ને દરૂદ શરીફ ભેજતા હોય છે. નબી (સ.અ.વ.) અલ્લાહ ત્આલાની બંદકી કરે છે અને રોજા રાખે છે. રોજા રાખીને તેઓ જુઠુ બોલતા નથી, ખરાબ જોતા નથી, અને ખોટુ કે ખરાબ સાંભળતા નથી. રમજાન મહિનામાં દાનનો મહિમા છે. જકાત અપાય છે, ફિત્રો અપાય છે અને પોતાના માલ ઉપર જકાત કાઢતા હોય છે.

રોજા રાખીને પાંચ વક્તની નમાજ પઢાય છે અને તરાવીક પઢાય છે. સાંજે ખજુરથી રોજો ખોલીને અવનવી વાનગી ખવાય છે. રોજા રાખીને કુરાને શરીફની તિલાવત કરાતી હોય છે અને વહેલી સવારે સહેરી કરતાં હોય છે. ઈફત્યારના સમયે રોજો ખોલાય છે. પવિત્ર આ મહિનામાં મુસ્લીમ બિરાદરો દાન કરતા હોય છે. રમજાન માસમાં કુરાને શરીફનું પઠન, નમાજ, રોજા અને જકાત દ્વારા દરેક મુસ્લીમ સવાબનો ખજાનો મેળવવા ઉત્સુક રહે છે. આ માસ ઈબાદત અને સખાવતનો માસ છે. તેમાં ગુસ્સો, નફરત, નિંદા, અસત્ય અપમાન ખુદાને પસંદ નથી અને રોજામાં પાબંદી, (સંયમ), તકવાપણ અનિવાર્ય છે.

ગાંધીનગર પંથકમાં પેથાપુર, છાલા, વાવોલ, સેક્ટર-૫, ૨૧, ૨૯ તથા અન્ય મસ્જિદોમાં મુસલમાન બિરાદરો પવિત્ર રમજાન માસમાં નિયમિત નમાજ અદા કરી રહ્યા છે અને આ માસની પવિત્રતાને ધ્યાને લઈ ધર્મ અનુસાર ધાર્મિક પ્રવૃત્તિમાં લીન બન્યા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# ગાંધીનગરપાલિકા દ્વારા ઘેર ઘેરથી કચરો સંગ્રહ કરતાં ગૃહિણીઓમાં આનંદ છવાયો

## દરેક સેક્ટરમાં કચરો સંગ્રહ કરતી વાન સમયસર અને નિયમિત આવતી થઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહા નગરપાલિકાએ તાજેતરમાં ઘેર ઘેરથી કચરો લઈ જવાનું શરૂ કરાતા ગૃહીણીઓમાં આનંદ છવાઈ ગયો છે. પાલિકાના આ નવતર પગલાંને સૌ નગરજનોએ આવકારી સંતોષ વ્યક્ત કર્યો છે. પાલિકામાં નિયુક્ત થયેલા મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરીજનોની સુવિધા અને સગવડો માટે તમામ પ્રકારના આયોજનની તૈયારી રખાઈ હોવાની માહિતી સાંપડી છે ત્યારે પ્રથમ શરૂઆત જ તેમની કામગીરીનો તકાજો પૂરો પાડી રહી છે.

રાજ્ય સરકાર હસ્તક રહેલા પાટનગરમાં ચૂંટણી બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યું છે. કોર્પોરેશનના અસ્તિત્વ બાદ શહેરીજનો પ્રાથમિક જરૂરિયાતો બાબતે સતત ચિંતિત રહ્યા કરતા હતા. જેમાં કચરાના નિકાલ બાબતની સમસ્યા મોખરે રહી હતી. જેમાં મ્યુનિ. કમિશનર પદે ચૌધરીની નિમણુંક થયા બાદ તાજેતરમાં ઘેર ઘેરથી કચરો એકઠો કરવાની શરૂઆત થઈ છે. દરેક સેક્ટરમાં કચરો એકઠો કરતી વાન હાલ ઘેર ઘેર ફરી કચરો ઉપાડી રહી છે.

આ વાન એકદમ સમયસર, નિયમિત અને સાઈરન વગાડતી આવતા જ ગૃહીણીઓ ઘરમાંથી દોડી આવી હોંશે હોંશે કચરો આપી રહી છે. પાલિકાના આ પગલાંને ગૃહીણીઓ ખુબ જ આનંદિત થઈ આવકારી રહી છે જે કારણે પાટનગરમાં કચરાનું પ્રમાણ નહીવત થઈ જશે અને સ્વચ્છતા જળવાશે તેવું ગૃહીણીઓ કહી રહી છે. પાલિકા દ્વારા એક પછી એક શહેરને સુંદર અને રળીયામણું રાખવાના પગલાં કડકપણે લેવાના હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આગામી સમયમાં શહેરની આગવી ઓળખ ઉભી થશે તેવું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

સ્વચ્છતા, સગવડતા અને સુંદરતાને પ્રાધાન્ય આપી પાલિકા શહેરીજનોની પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે સજાગ બની છે. તેથી શહેરીજનોમાં આનંદ અને સંતોષની લાગણી જન્મી છે.




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# કુડાસણ શુકન સિલ્વર ફલેટમાં બાથરૂમ ટોયલેટ બંધ રખાતાં દુકાનદારોની રજૂઆત

ગાંધીનગર, તા.૨૧

કુડાસણના શુકન સિલ્વર ફલેટના બિલ્ડર દુકાનો માટે બનાવવામાં આવેલ બાથરૂમ, ટોઈલેટને તાળુ મારી દેતા દુકાનની મહિલા માલિકો અને કામદારોને ખુબ જ તકલીફ પડે છે. મહિલાઓને ખુબ જ ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાવું પડે છે. આ સમસ્યા અંગે મહિલાઓએ બિલ્ડર અને ફલેટના મેન્ટેનન્સ સ્ટાફને વારંવાર રજુઆત કરી હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ ન આવતા આખરે મહિલા આયોગમાં આ સમસ્યાની રજૂઆત કરવામાં આવી છે.

કુડાસણ ગામની સીમમાં આવેલ શુકન સિલ્વર ફલેટની સ્કીમમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર પર દુકાનો બાંધવામાં આવી છે. જયારે બિલ્ડર પાસેથી વેપારીએ દુકાનો ઉંચા દામ આપી ખરીદી હતી ત્યારે પાણી તથા ટોયલેટ, બાથરૂમની સગવડ કરી આપવાની બાંહેધરી અને કરાર કરવામાં આવ્યા હતા.

પરંતુ દુકાનોનો કબજો સંભાળી ચુકેલા વેપારીઓને વાયદા મુજબની ટોયલેટ બાથરૂમની સુવિધા આપવામાં આવી નથી. દુકાન માટે ટોયલેટ-બાથરૂમ બનાવાયા છે તેને તાળુ મારી દેવામાં આવે છે. બિલ્ડરના ઈશારે આ કૃત્ય થતું હોવાથી વેપારીઓ ગુસ્સે ભરાયા છે. આ સમસ્યા અંગે વેપારીઓએ બિલ્ડરને અનેકવાર રજુઆત કરી હોવા છતાં તેમની આ સમસ્યાનું નિવારણ આવતું નથી. આ કોમ્પ્લેક્ષમાં કેટલીક મહિલાઓ અહીં કામ કરે છે તેમને કુદરતી હાજત સમયે ક્ષોભ અને સંકોચભરી સ્થિતિમાં મુકાવવું પડે છે. વારંવાર રજુઆત કરવા છતાં આ સમસ્યો ઉકેલ ન આવતા આખરે વેપારી મહિલઓએ મહિલા આયોગમાં ફરિયાદ કરી છે. મહિલા આયોગે આ મામલે દખલગીરી કરવાની અને સમસ્યાના ઉકેલની હૈયા ધારણા આપી છે.



ચોમાસાની તૈયારી રૂપે મુખ્ય રસ્તાઓના બાજુમાં ઉગેલા વૃક્ષોનું ટ્રીમીંગનું કામ વનવિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્ટેટ બેંકની ઢીલાશને કારણે પીપીએફના રોકણકારોએ વેઠવું પડે છે

## નાના ખાતેદારો પ્રત્યે બેંકની સેવામાં અવહેલના કરાય છે : પોસ્ટ ઓફિસના વારંવારના રીમાન્ડર છતાં જવાબ આપવાની પણ તસ્દી લેવાતી નથી

ગાંધીનગર, તા.૨૧

દેશની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક ગણાતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની ગાંધીનગરની મુખ્ય શાખામાં નાના ખાતેદારોની કામગીરીમાં ઢીલાશ તેમજ અવહેલનાથી ગ્રાહકોમાં અસંતોષ ફેલાવા પામ્યો છે. પોસ્ટ ઓફિસના પીપીએફના રોકાણકારોના ચેક કલીયર કરવામાં વિલંબના કારણે આ રોકાણકારોને એક માસના વ્યાજનું નુકશાન થવા પામી રહ્યું છે.

એસબીઆઈના એક ખાતેદારે પોસ્ટ ઓફિસમાં પીપીએફમાં રોકાણ કરવા માટે તા. ૧લી એપ્રિલ ૨૦૧૪ના રોજ પોતાના સેવિંગ્સ બેંક ખાતાનો રૂપિયા એક લાખનો ચેક આપ્યો હતો. આ ચેક લોકલ કલીયરીંગનો હોઈ વધુમાં વધુ તા. ૫મી એપ્રિલ પહેલા પોસ્ટ ઓફિસમાં જમા મળી જવો જોઈએ પરંતુ આ ચેક છેક તા. ૭મી એપ્રિલે પીપીએફના ખાતામાં જમા મળ્યો હતો. પીપીએફ માટે પોસ્ટ ઓફિસના નિયમ મુજબ મહિનાની તા. ૫મી પહેલા જે રકમ જમા થઈ હોય તેના પર તે મહીનાનું વ્યાજ મળે પરંતુ આ ચેક તા. ૫મી પછી જમા થતા ખાતેદારે તે માસનું રૂપિયા ૭૫૦ના વ્યાજનું નુકસાન વેઠવું પડયું હતું. આ બાબતે ગ્રાહકે પહેલા પોસ્ટ માસ્તર પાસે તપાસ કરી તો તેમણે તા. ૨જીએ જ ચેક કલીયરીંગ માટે મોકલી દીધા હોવાના પુરાવા આપ્યા હતા. આથી આ ખાતેદારે એસબીઆઈ બેંકની શાખામાં પૃચ્છા કરતા બેંકના અધિકારીએ કોમ્પ્યુટરમાં જોઈને ચેક તા. ૫મીએ કલીયર થઈ ગયો હોવાનું જણાવ્યું હતું. ગ્રાહકે અધિકારીને ચેક તા. ૫મીએ કલીયર થઈ ગયો હોય તો પોસ્ટ ઓફિસમાં કેમ તા. ૭મીએ જમા થયો તે બાબતે જવાબ માંગતા તેમજ ખાતાનું તે અંગેનું લેખિત પ્રમાણપત્ર માંગતા બેંક અધિકારીએ તે બાબતે પોસ્ટ માસ્તર માંગણી કરશે તો જવાબ આપશું તેવું જણાવ્યું હતું. આથી ગ્રાહકે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસને રજુઆત કરતા તેમણે સ્ટેટ બેંકની શાખાને પત્ર લખી ખુલાસો માંગ્યો હતો. આ પત્રનો કોઈ જ જવાબ બેંક દ્વારા ન અપાતા તેમને અત્યાર સુધીમાં વધુ ચાર વખત સ્મૃતિ પત્રો પણ લખવામાં આવ્યા છતાં હજુ પણ બેંક સત્તાધીશોએ કોઈ જ પ્રત્યુત્તર આપ્યો નથી.

સ્ટેટ બેંકની આવી બેદરકારી અને ગ્રાહક સેવા વિરોધી અભિગમના કારણે અનેક લોકો પણ તેનો ભોગ બન્યા હોવાનું આ દરમિયાન માલુમ પડેલ છે અને અનેક પીપીએફના નાના રોકાણકારોએ વખતો વખત સહન કરવાનું આવ્યું છે. જેના લીધે ખાતેદારોમાં ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ ખાતેદારો દ્વારા બેંકની સવાઓમાં તાકીદે સુધારો લાવવામાં આવે તે માટે ઉગ્ર માગણી વ્યકત કરાઈ રહી છે. અન્યથા ખાતેદારોના તીવ્ર રોષનો ભોગ બનવું પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારાઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૩૦
હેટ સ્ટોરી ૨ : ૭.૦૦, ૧૦.૧૫
: સ્કીન-૩ :
પિઝા (૩ડી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્કીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અમીત સાહની કી લીસ્ટ : ૧૨.૩૦, ૨.૪૫
રિયાસત : ૫.૦૦
લાઈ ભારી (મરાઠી) : ૭.૦૦, ૧૦.૦૦
એક વિલન : ૧૦.૦૦
: સ્કીન-૫ :
એક વિલન : ૬.૪૫
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦
હેટ સ્ટોરી-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫
: સ્કીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે) , ૮.૩૦ (સાંજે)
એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫
સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫
: સ્કીન-૩ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૪ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
હેટ સ્ટોરી-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્કીન-૨ :
અમીત સાહની કી લીસ્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- અષાઢ વદ એકમ , તા. ૨૨-૭-૨૦૧૪, મંગળવારના રોજ ફૂલના હિંડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ.

**વૃષભ** : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે.

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**કર્ક** : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**સિંહ** : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે.

**કન્યા** : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

**મીન** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. બિહોલા હેમતુજી માધુજી (ઉ.વ.૭૦) મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર.
- શુશીલાબેન બાબુબાઈ સોલંકી (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૫૨/૧, સેક્ટર-૧૪, ગાંધીનગર